# મહિલા દિવસે ડોમ્બિવલીમાં મહિલાઓના લેઝિમ ડાન્સનો વર્લ્ડ રેકોર્ડ



**9,111 મહિલાઓએ લેઝિમ ડાન્સ કરીને બનાવેલા વર્લ્ડ રેકોર્ડની ગિનેસ બુક દ્વારા નોંધ લેવાઇ**

થાણે, તા. 8 (PTI): આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે રવિવારે થાણે જિલ્લાના ડોમ્બિવલીમાં 9,111 મહિલાઓ દ્વારા રજૂ કરવામાં આવેલા 'લેઝિમ' નૃત્યએ નવો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

આ પરંપરાગત લોકનૃત્ય તેની જોમભરી હલનચલન અને લયબદ્ધ તાલ માટે જાણીતું છે. તેનું નામ 'લેઝિમ' સાધન પરથી પડ્યું છે, જે લાકડાનું બનેલું એક હાથમાં પકડી શકાય તેવું વાદ્ય છે. તેમાં ધાતુની ચકરીઓ (ઝાંઝ) હોય છે જે એક વિશિષ્ટ અવાજ ઉત્પન્ન કરે છે.

ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સના સત્તાવાર નિર્ણાયક સ્વપ્નિલ ડાંગરીકરે જણાવ્યું હતું કે, "સૌથી મોટા લેઝિમ નૃત્યનો અગાઉનો રેકોર્ડ સાંગલી શિક્ષણ સંસ્થાના નામે હતો, જ્યાં 26 જાન્યુઆરી, 2014ના રોજ છત્રપતિ શિવાજી સ્ટેડિયમમાં 7,338 સ્પર્ધકોએ પ્રદર્શન કર્યું હતું. આજે ડોમ્બિવલીએ 9,111 સહભાગીઓ સાથે તે રેકોર્ડ તોડી નાખ્યો છે."

સંત સાવલારામ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં સાડા પાંચ મિનિટનું પ્રદર્શન મહારાષ્ટ્ર ભાજપ પ્રદેશ પ્રમુખ અને સ્થાનિક ધારાસભ્ય રવિન્દ્ર ચવણની પહેલ 'ડોમ્બિવલીકર એક સંસ્કૃતિ પરિવાર' અને કલ્યાણ તાલુકા શારીરિક શિક્ષણ સમિતિ દ્વારા આયોજિત કરાયું હતું.

# ઈરાનનો બહેરીનના ડીસેલિનેશન પ્લાન્ટ પર હુમલો

**બહેરિનને** ઇરાન દ્વારા હવે નાગરિક સુવિધાઓ પર હુમલાઓ થવાનો ભય

**આ** લશ્કરી સંઘર્ષથી અત્યાર સુધી ઇરાનમાં 1230, લેબેનોનમાં 300થી વધુના મોત



દુબઈ, 8 માર્ચ (AP): બહેરીને રવિવારે ઈરાન પર ડિસેલિનેશન પ્લાન્ટ (સમુદ્રી પાણીને મીઠું પાણી બનાવવાના પ્લાન્ટ) પર હુમલો કરવાનો આરોપ ઈરાન પર લગાવ્યો છે, જેનાથી એવી આશંકા જન્મી છે કે યુદ્ધમાં હવે નાગરિક માળખાગત સુવિધાઓને નિશાન બનાવવામાં આવી શકે છે. બીજી તરફ, અમેરિકા અને ઈઝરાયેલના તીવ્ર હવાઈ હુમલાઓ વચ્ચે ઈરાનના રાષ્ટ્રપતિએ સમગ્ર ક્ષેત્રમાં અમેરિકન લક્ષ્યો પર દેશના હુમલાઓ વધારવાની શપથ લીધી છે.

રવિવારે મોડી રાત્રે ઈઝરાયેલ દ્વારા ઓઈલ ફેસિલિટીઓ પર કરવામાં આવેલા હુમલા બાદ લેબનોનમાં પણ હુમલાઓ ચાલુ રાખ્યા હતા. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ નવ દિવસથી ચાલી રહેલા આ સૈન્ય અભિયાનને આગળ ધપાવવાનો સંકલ્પ કર્યો છે, જેની અસર સમગ્ર વિસ્તારમાં જોવા મળી રહી છે અને જેનો કોઈ અંત દેખાઈ રહ્યો નથી. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયન રવિવારે મધ્ય પૂર્વમાં અમેરિકન ઠેકાણાઓ પર હુમલા તેજ કરવાની ધમકી આપી હતી. તેઓ શનિવારે તેમના પડોશી અખાતી દેશો પ્રત્યે કરેલી સમાધાનકારી ટિપ્પણીઓથી પાછા હટતા દેખાયા હતા. શનિવારની ટિપ્પણીઓમાં તેમણે પડોશી દેશોની ધરતી પર થયેલા હુમલાઓ બદલ માફી માંગી હતી, પરંતુ ઈરાની કટ્ટરપંથીઓએ તરત જ તેનો વિરોધ કર્યો હતો.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, 28 ફેબ્રુઆરીએ ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા હવાઈ હુમલા સાથે શરૂ થયેલા આ યુદ્ધમાં અત્યાર સુધીમાં ઈરાનમાં ઓછામાં ઓછા 1,230, લેબનોનમાં 300 થી વધુ અને ઈઝરાયેલમાં લગભગ એક ડઝન લોકો માર્યા ગયા છે. આ સાથે જ અમેરિકાના છ સૈનિકોના પણ મોત થયા છે.

જ્યારે અનેક અખાતી દેશોએ ઈરાન તરફથી આવતી મિસાઈલો અને ડ્રોનને તોડી પાડ્યા હોવાના અહેવાલ આપ્યા છે, ત્યારે પેઝેશ્કિયન કહ્યું હતું કે તેમનો દેશ તેમની સાથે લડવા માંગતો નથી અને અમેરિકા પર દેશોને એકબીજા સામે લડાવવાનો આરોપ મૂક્યો હતો.

**માફી માગ્યાના બીજા દિવસે ઇરાની પ્રમુખનું કડક નિવેદન**

જ્યારે અમારા પર હુમલો કરવામાં આવે છે, ત્યારે અમારી પાસે જવાબ આપવા સિવાય બીજો કોઈ વિકલ્પ હોતો નથી. અમારા પર જેટલું દબાણ કરવામાં આવશે, અમારો પ્રતિસાદ સ્વાભાવિક રીતે તેટલો જ મજબૂત હશે, તેમ પેઝેશ્કિયન રવિવારે વિડિયો ટિપ્પણીમાં જણાવ્યું હતું. "અમારું ઈરાન, અમારો દેશ, દાદાગીરી, જુલમ કે આક્રમણ સામે સહેલાઈથી ઝૂકશે નહીં - અને ક્યારેય ઝૂક્યો નથી. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે એક દિવસ પહેલા પેઝેશ્કિયન કહ્યું હતું કે ઈરાન તેના હુમલાઓને કારણે પ્રાદેશિક ચિંતાઓ બદલ ખેદ વ્યક્ત કરે છે અને પડોશી દેશોને ઈરાન વિરુદ્ધ અમેરિકા અને ઈઝરાયેલના હુમલાઓમાં ભાગ ન લેવા વિનંતી કરી હતી.

# 1965ના યુદ્ધના હીરો કે. જી. જ્યોર્જનું કેરળમાં નિધન

**વીર ચક્રથી** સન્માનિત કેજી જ્યોર્જનું વય સંબંધિત બિમારીઓને કારણે અવસાન થયું



નવી દિલ્હી, તા. 8 (PTI): 1965ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં તેમની બહાદૂરી માટે વીર ચક્રથી નવાજવામાં આવેલા નિવૃત્ત લેન્સ હવાલદાર કે.જી. જ્યોર્જનું કેરળમાં 95 વર્ષની વયે નિધન થયું છે. એમ તેમના પરિવારે રવિવારે જણાવ્યું હતું. તેમના પૌત્ર રેમો જોને જણાવ્યું હતું કે, મારા દાદાનું શનિવારે વહેલી સવારે અવસાન થયું હતું. તેમનો જન્મ ફેબ્રુઆરી 1931માં થયો હતો અને તેમણે 1965ના ભારત-પાક યુદ્ધમાં લડાઈ લડી હતી.

21 વર્ષીય જોને જણાવ્યું કે, તેમનો જન્મ કેરળમાં થયો હતો અને કોટ્ટાયમમાં તેમના નિવાસસ્થાને વય-સંબંધિત કારણોસર તેમનું નિધન થયું હતું. જ્યોર્જે ભારતીય સેનાની 'કોર્પ્સ ઓફ સિગ્નલ્સ'માં સેવા આપી હતી, જે એક મહત્ત્વપૂર્ણ એકમ છે અને જેની સ્થાપના 1911માં કરવામાં આવી હતી.

# ડાર્ક વેબ ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ : પાંચ કરોડના નશીલા પદાર્થો જપ્ત

**નાર્કોટિક્સ** કંટ્રોલ બ્યુરો દ્વારા રેવ પાર્ટીમાં ઉપયોગમાં લેવાતા માદક પદાર્થો સાથે બેની ધરપકડ કરી

નવી દિલ્હી, તા. 8 : નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી)એ રવિવારે જણાવ્યું હતું કે, તેઓએ ડાર્ક વેબ આધારિત ડ્રગ્સ ટ્રાફિકિંગ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહીમાં બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે અને રેવ પાર્ટીઓમાં ઉપયોગમાં લેવાતા માદક પદાર્થોનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

એનસીબીના જણાવ્યા અનુસાર, આ નેટવર્ક 'ટીમ કલ્કી' કોડ નેમ હેઠળ કાર્યરત હતું અને જાન્યુઆરી 2025થી અત્યાર સુધીમાં 1,000થી વધુ કન્સાઈનમેન્ટ મોકલી ચૂક્યું હોવાનો આરોપ છે.

આ ટોળકી ડ્રગ્સના વેચાણમાંથી મળેલા નાણાંની હેરફેર (મની લોન્ડરિંગ) માટે ક્રિપ્ટોકરન્સીનો ઉપયોગ કરતી હતી. કેન્દ્રીય એજન્સીએ કુલ 13 સ્થાનિક પાર્સલ અને નેધરલેન્ડથી આવેલા 2 પાર્સલમાંથી 2,338 એલએસડી બ્લોટ્સ, 160 એમડીએમએ (એક્સ્ટસી) ગોળીઓ, આશરે 73 ગ્રામ ચરસ, 3.64 ગ્રામ એમ્ફેટામાઈન અને 3.6 કિલો લિક્વિડ એમડીએમએનો જથ્થો જપ્ત કર્યો છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં આ જપ્ત કરાયેલા ડ્રગ્સની અંદાજિત કિંમત રૂ. 5 કરોડ છે.

એનસીબી એ નિવેદનમાં જણાવ્યું હતું કે, "આ કામગીરી તસ્કરો દ્વારા ડાર્કનેટ માર્કેટપ્લેસ અને એન્ક્રિપ્ટેડ કમ્યુનિકેશન પ્લેટફોર્મ્સના વધતા ઉપયોગને ઉજાગર કરે છે. ભારતમાં કાર્યરત ડાર્કનેટ-આધારિત નેટવર્ક પર આ એક મોટો પ્રહાર છે."

લગભગ ત્રણ મહિના સુધી આ ગુપ્ત નેટવર્ક પર નજર રાખ્યા બાદ એનસીબી એ અનુરાગ ઠાકુર અને વિકાસ રાઠી નામના બે રીઢા ગુનેગારોની ધરપકડ કરી છે. તપાસમાં બહાર આવ્યું છે કે, બંને આરોપીઓ નેધરલેન્ડ, પોલેન્ડ અને જર્મનીના આંતરરાષ્ટ્રીય વિક્રેતાઓ પાસેથી એલએસડી અને એમડીએમએ મંગાવતા હતા.

ભારતીય ગ્રાહકો પાસેથી ઓર્ડર લેવા માટે તેઓ 'ટ્રેડ' અને 'સેશન' જેવી મેસેજિંગ એપ્લિકેશનનો ઉપયોગ કરતા હતા, જેથી તેમની ડિજિટલ ઓળખ છુપાયેલી રહે.

**પેજ3**

## સ્યુસાઇડ લાઇવસ્ટ્રીમ દરમિયાન કાર અકસ્માતમાં બિગ બોસ 17 ફેમ અનુરાગ ડોભાલને ગંભીર ઇજા





ગાઝિયાબાદ (UP), તા. 8 (PTI): ગાઝિયાબાદમાં દિલ્હી-મેરઠ એક્સપ્રેસ વે પર થયેલા એક કાર અકસ્માતમાં યુટ્યુબર અનુરાગ ડોભાલ ગંભીર રીતે ઘાયલ થયા હોવાનું પોલીસે રવિવારે જણાવ્યું હતું. ડોભાલે ટેલિવિઝન શો 'બિગ બોસ 17' માં ભાગ લીધા પછી વ્યાપક ઓળખ મેળવી હતી. આ ઘટના એક લાઇવ સ્ટ્રીમ દરમિયાન બની હતી જ્યાં તેમણે કથિત રીતે સૂચવ્યું હતું કે તે તેમનો 'છેલ્લો વિડિઓ' હોઈ શકે છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માત શનિવારે રાત્રે મસૂરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં હવા હવાઈ રેસ્ટોરન્ટ પાસે થયો હતો. જ્યારે પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી ત્યારે ડોભાલને સારવાર માટે સુભારતી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. સુભારતી હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ પ્રીતિ ગોયલે પુષ્ટિ કરી હતી કે, ડોભાલને ગંભીર હાલતમાં આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યો હતો.



# ઓસ્લોમાં યુએસ એમ્બેસીની બહાર વિસ્ફોટ : પોલીસ તપાસ શરૂ

**વિસ્ફોટને** પગલે એમ્બેસીના પ્રવેશદ્વાર પર નજીવું નુકસાન થયું હોવાનો અહેવાલ

**એમ્બેસીને** નિશાન બનાવી કોઇ જવલનશીલ પદાર્થ દ્વારા વિસ્ફોટ કરાયો

ઓસ્લો, તા. ૮ (AP): નોર્વેજીયન પોલીસ રવિવારે વહેલી સવારે ઓસ્લોમાં યુએસ એમ્બેસીની બહાર થયેલા વિસ્ફોટની તપાસ કરી રહી છે. તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

કોઈ જાનહાનિના અહેવાલ નથી. ઓસ્લો પોલીસે એક ન્યૂઝ રિલીઝમાં જણાવ્યું હતું કે, તેમને રાત્રે અંદાજે એક વાગ્યે મોટા અવાજ અથવા વિસ્ફોટના અહેવાલો મળ્યા હતા.

ઓસ્લો પોલીસના પ્રતિનિધિ ફ્રોડ લાર્સને રવિવારે એક ન્યૂઝ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે, વિસ્ફોટ કોઈ પ્રકારના જ્વલનશીલ ઉપકરણ દ્વારા થયો હતો. તપાસકર્તાઓ માને છે કે, એમ્બેસી જ નિશાન પર હતી અને તેઓ ગુનેગારો તથા તેમના હેતુની શોધ કરી રહ્યા છે.

સ્થાનિક મીડિયાએ એમ્બેસીના પ્રવેશદ્વાર પર નજીવું નુકસાન થયું હોવાનો અહેવાલ આપ્યો છે અને નજીકમાં રહેતા લોકોએ જણાવ્યું હતું કે, વિસ્ફોટ પછી રસ્તો ઘટ્ટ ધુમાડાથી ભરાઈ ગયો હતો.

સંચાર સલાહકાર માર્ટિન બર્નસેને જણાવ્યું હતું કે, નોર્વેજીયન પોલીસ સિક્યુરિટી સર્વિસ પીએસટીએ આ ઘટના બાદ વધારાના કર્મચારીઓને બોલાવ્યા છે, પરંતુ દેશના આતંકવાદી ખતરાના સ્તરમાં ફેરફાર કર્યો નથી.

નોર્વેના ન્યાય અને જાહેર સુરક્ષા મંત્રી આસ્ત્રી આસ-હાનસેને જણાવ્યું હતું કે, "આ એક અસ્વીકાર્ય ઘટના છે તેને અત્યંત ગંભીરતાથી લેવામાં આવી રહી છે." "પોલીસે જણાવ્યું છે કે, તેઓ નોંધપાત્ર સંસાધનો સાથે કેસની તપાસ કરી રહ્યા છે અને કંઈપણ એવું સૂચવતું નથી કે આ સ્થિતિ સામાન્ય જનતા માટે કોઈ જોખમ ઊભું કરે છે."

# ઝારખંડમાં રાંચી-ઈરગાંવ પેસેન્જર ટ્રેનની કમાન મહિલા ક્રૂએ સંભાળી



**ટ્રેનમાં** લોકો-પાઇલટ, આસિસ્ટન્ટ લોકો-પાઇલટ, ટ્રેન મેનેજર, ટિકિટ ચેકર્સ અને RPF તમામ મહિલા

રાંચી, તા. 8 (PTI): રવિવારે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે રાંચી-ઈરગાંવ રૂટ પર એક પેસેન્જર ટ્રેનનું સંચાલન સંપૂર્ણપણે મહિલા ક્રૂ દ્વારા કરવામાં આવ્યું હતું. એમ એક અધિકારીએ જણાવ્યું હતું. અધિકારીએ જણાવ્યું હતું કે, આ મહિલા ક્રૂમાં લોકો-પાઈલટ, આસિસ્ટન્ટ લોકો-પાઈલટ, ટ્રેન મેનેજર, ટિકિટ ચેકર્સ અને રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ)ના જવાનોનો સમાવેશ થતો હતો. દક્ષિણ પૂર્વ રેલવેના સીપીઆરઓ સુચી સિંહે જણાવ્યું હતું કે, "આજે મહિલાઓ અને રાંચી રેલવે ડિવિઝન માટે ખૂબ જ ખાસ દિવસ છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસને ધ્યાનમાં રાખીને અમે સંપૂર્ણ મહિલા ટીમ દ્વારા પેસેન્જર ટ્રેન ચલાવવાની એક વિશેષ પહેલ કરી છે. લોકો-પાઈલટથી લઈને ટ્રેન ટિકિટ પરીક્ષકો અને આરપીએફ જવાનો સુધી ટ્રેનમાં તમામ મહિલાઓ હતી."

સીપીઆરઓએ વધુમાં જણાવ્યું કે, આ ટ્રેન ઈરગાંવ સ્ટેશન સુધી ગઈ હતી, જેનું સંચાલન પણ સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. વધતી જતી જાગૃતિ અને સમાજમાં આવતા પરિવર્તનને કારણે મહિલાઓ હવે રેલવે જેવા પુરુષ પ્રધાન ક્ષેત્રોમાં પ્રવેશી રહી છે અને સફળતા મેળવી રહી છે.



# સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સામે ફરિયાદ કરનાર પર ટ્રેનમાં હુમલો

**આશુતોષ** બ્રહ્મચારી પર અજાણી વ્યક્તિએ રેઝર વડે કરેલા હુમલાના દાવાને સંતે 'બનાવટી' ગણાવ્યો

પ્રયાગરાજ (યુપી): તા. 8 : સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ તેમના આશ્રમમાં વિદ્યાર્થીઓનું જાતીય શોષણ કર્યું હોવાનો આરોપ લગાવતી ફરિયાદ નોંધાવનાર આશુતોષ બ્રહ્મચારી પર રવિવારે સવારે અહીં એક ટ્રેનમાં અજાણી વ્યક્તિએ રેઝર વડે હુમલો કર્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. આ ઘટના પર પ્રતિક્રિયા આપતાં સરસ્વતીએ આ દાવા સામે સવાલ ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે, આ વાર્તા 'બનાવટી' લાગે છે. તેમણે રેલવે પ્રશાસનને તપાસ કરવા વિનંતી કરી હતી જેથી સત્ય બહાર આવે.

ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)ના એક અધિકારીના જણાવ્યા અનુસાર, આશુતોષે એવો આક્ષેપ કર્યો હતો કે, જ્યારે આ ઘટના બની ત્યારે તેઓ રેવા એક્સપ્રેસ દ્વારા પ્રયાગરાજ જઈ રહ્યા હતા. અધિકારીએ જણાવ્યું કે, સવારે જ્યારે ટ્રેન સિરાથુ સ્ટેશન પાસે પહોંચી રહી હતી ત્યારે આશુતોષ શૌચાલયમાં ગયા હતા, જ્યાં એક અજાણી વ્યક્તિએ કથિત રીતે તેમના પર રેઝર વડે હુમલો કર્યો હતો.

તેમને આ ઘટનામાં સામાન્ય ઈજાઓ થઈ હતી અને તેમને તબીબી તપાસ માટે પ્રયાગરાજની કેલ્વિન હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. એમ અધિકારીએ ઉમેર્યું હતું. મેડિકલ તપાસ રિપોર્ટના આધારે કેસ નોંધવામાં આવશે. હુમલાખોરની ઓળખ કરવા માટે ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજ પણ તપાસવામાં આવી રહ્યા છે. તપાસના તારણોના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

કથિત હુમલા વિશે પૂછવામાં આવતાં વારાણસીમાં હાજર સરસ્વતીએ કહ્યું કે, આ વાર્તા 'બનાવટી' લાગે છે અને રેલવે પ્રશાસનને તપાસ બાદ બાબત સ્પષ્ટ કરવા વિનંતી કરી હતી.

# આંતરરાષ્ટ્રીય કાયદો ખરેખર તો મૃત્યુ પામ્યો છે : રશિયા

**યુએનએસસીની** P-5ની બેઠક બોલાવવા ક્રેમલિનના પ્રવક્તા દમિત્રિ પેસ્કોવની હાકલ

મોસ્કો, 8 માર્ચ (PTI): ઈરાન પર અમેરિકા-ઈઝરાયેલના હુમલા બાદ પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે રશિયાએ જણાવ્યું છે કે આંતરરાષ્ટ્રીય કાયદો હવે અસરકારક રીતે મૃતપ્રાય બની ગયો છે. આ સાથે રશિયાએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના પાંચ કાયમી સભ્યોની સમિટ બોલાવવાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના પ્રસ્તાવને ફરીથી અમલમાં લાવવા હાકલ કરી છે.

ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે જણાવ્યું હતું કે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ વૈશ્વિક સુરક્ષા અને સ્થિરતા પર ચર્ચા કરવા માટે P-5 દેશો – રશિયા, અમેરિકા, ચીન, ફ્રાન્સ અને બ્રિટનની સમિટ બોલાવવાના પુતિનના પ્રસ્તાવ પર ફરી વિચાર કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. આ પ્રસ્તાવ સૌપ્રથમ કોવિડ-19 રોગચાળા પહેલા રજૂ કરવામાં આવ્યો હતો. રાજ્ય સંચાલિત 'રોસિયા ટીવી' ને આપેલા ઈન્ટરવ્યુમાં પેસ્કોવે કહ્યું, આપણે બધાએ તે ગુમાવી દીધું છે જેને આપણે આંતરરાષ્ટ્રીય કાયદો કહીએ છીએ.

# પાકિસ્તાનમાં ઈંધણની અછતના ભયે પેટ્રોલ પંપ પર ગોળીબારમાં એકનું મોત

**સિયાલકોટ** નજીક એક પેટ્રોલ પંપ પર કારમાં ઈંધણ ભરાવ્યા પછી કેનમાં ભરવાનો ઇનકાર કરાતા વિવાદ સર્જાયો

**ઈંધણની** અછત સર્જાવાના ભયથી ભીડ ઉમટ્યા પછી ગ્રાહકો અને કર્મચારીઓ વચ્ચેના સંઘર્ષમાં ગોળીબાર થયો

લાહોર, તા. 8 (PTI): પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં અમેરિકા-ઈરાન સંઘર્ષને કારણે ઈંધણની અછત સર્જાવાના ડરથી ઊમટી રહેલી ભારે ભીડ અને વિવાદ દરમિયાન ગ્રાહકોએ કરેલા ગોળીબારમાં એક વ્યક્તિનું મોત થયું છે અને બે અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હોવાનું પોલીસે રવિવારે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના શનિવારે લાહોરથી લગભગ 100 કિમી દૂર સિયાલકોટના દસ્કા રોડ પર આવેલા એક ફિલિંગ સ્ટેશન પર ગ્રાહકો અને કર્મચારીઓ વચ્ચે થયેલી અથડામણ બાદ બની હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, અમેરિકા-ઈઝરાયેલ-ઈરાન સંઘર્ષને પગલે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' બંધ થવાની આશંકાથી તેલના પુરવઠા અંગે ચિંતા વધી હતી, જેના કારણે પેટ્રોલ પંપ પર વાહનચાલકોની લાંબી કતારો લાગી હતી.

એક કારમાં આવેલા બે વ્યક્તિઓએ પહેલા તેમની કારમાં પેટ્રોલ ભરાવ્યું અને ત્યાર બાદ તેમની સાથે લાવેલા કેન (ડબ્બા)માં ઈંધણ ભરવા માટે કહ્યું. પંપના કર્મચારીએ એમ કહીને ના પાડી દીધી કે સરકારી નીતિ મુજબ કેનમાં ઈંધણ ભરવાની મનાઈ છે.

પોલીસ અધિકારી દોસ્ત મોહમ્મદે જણાવ્યું હતું કે, આ બાબતે ફિલિંગ સ્ટેશનના સ્ટાફ અને કારસવારો વચ્ચે બોલાચાલી થઈ હતી. કારસવારો ત્યાંથી ગંભીર પરિણામો ભોગવવાની ધમકી આપીને ત્યાંથી જતા રહ્યા હતા.

# રશિયા ઈરાનને ગુપ્તચર માહિતીઓ આપતું હોવાના અહેવાલને ટ્રમ્પે અવગણ્યા

**જો** ઇરાનને આવી માહિતી મળી પણ રહી હોય તો પણ બહુ મદદરૂપ થઇ નથી રહી

ડોરલ (અમેરિકા), ૮ માર્ચ (એપી): રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે જણાવ્યું હતું કે, જો રશિયાએ મધ્ય પૂર્વમાં અમેરિકી સૈન્ય કર્મચારીઓ અને સંપત્તિઓને નિશાન બનાવવામાં મદદ કરવા માટે ઈરાનને માહિતી પૂરી પાડી હોય, તો તે બિનમહત્વનું છે. એક અઠવાડિયાથી ચાલી રહેલા આ યુદ્ધની વચ્ચે તેમણે આ નિવેદન આપ્યું હતું.

અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર યુદ્ધ શરૂ કર્યાના એક દિવસ પછી કુવૈતમાં ડ્રોન હુમલામાં માર્યા ગયેલા છ આર્મી રિઝર્વિસ્ટોના પાર્થિવ દેહ સ્વીકારવાના કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ, રાષ્ટ્રપતિએ આવી માહિતીના આદાનપ્રદાનના મહત્વને ફગાવી દીધું હતું. આ યુદ્ધે વૈશ્વિક અર્થવ્યવસ્થાને પણ હચમચાવી દીધી છે. ટ્રમ્પે 'ધ એસોસિએટેડ પ્રેસ' અને અન્ય સમાચાર સંસ્થાઓના એ અહેવાલોની પુષ્ટિ કરવાનું ટાળ્યું હતું કે જેમાં અમેરિકી ગુપ્તચર અધિકારીઓ માને છે કે રશિયા ઈરાનને આવી ટાર્ગેટિંગ માહિતી આપી રહ્યું છે.